
# રાજ્ય પ્રાથમિક શિક્ષણ વિભાગના સત્રાંત પરીક્ષા-૨૦૧૮ના પરિપત્ર સામે ભભૂકતો ભારે રોષ

મોડાસા, તા. ૯

રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા બાળકોના અભ્યાસ સુધારણા માટે સમયાંતરે વિવિધ


અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ
મોડાસા યુનિટ
રાજેશકુમાર જે. પટેલ
મંત્રી (ઘટક સંઘ, મોડાસા)
પરેશકુમાર કે. પટેલ
પ્રમુખ (ઘટક સંઘ, મોડાસા)
તારીખ : ૯/૧૦/૨૦૧૮

પરિપત્રો કરવામાં આવી રહ્યા છે. થોડા સમય અગાઉ તાસ પદ્ધતિ અમલવારીનો પરિપત્ર ઓછા છાત્રો અને સ્ટાફના કારણે ફારસરૂપ બની રહ્યો છે અને તાસની અમલવારીનો પરિપત્ર કાગળ પર જ રહશે. અમલવારી શક્ય નથીનું શિક્ષણ વિભાગના સૂત્રો પાસેથી માહિતી મળી રહી છે. ત્યારે રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા સત્રાંત પરીક્ષા-૨૦૧૮ માટે નવો પરિપત્ર કરી સત્રાંત પરીક્ષાના નિયમોનો ધળમૂળમાંથી બદલાવ કરી પ્રાથમિક શાળામાં અન્ય શાળાના શિક્ષકોને સુપરવીઝનની કામગરી સોંપવાની અને સત્રાંત પરીક્ષાની જવાબવાહીઓનું બાહ્ય મુલ્યાંકન કરાવવાનો પરિપત્રથી પ્રાથમિક શિક્ષણ જગતમાં હલબલી મચી છે અને પ્રાથમિક શિક્ષકો દ્વારા પરિપત્રના અમલવારી સામે વિરોધ દર્શાવી રહ્યા છે. મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે પરિપત્રનો લેખિત વિરોધ નોંધાવી અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘને લેખિત રજુઆત કરી હતી.

મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે આરટીઈ-૨૦૦૯ના નિયમ મુજબ શાળામાં અભ્યાસ કરતા બાળકોને નાપાસ કરવાના ના હોઈ સત્રાંત પરીક્ષામાં બાહ્ય શાળાના શિક્ષકોનુ સુપરવિઝન અને જવાબવાહીનુ બાહ્ય મૂલ્યાંકન કરાવવું તાલુકા કક્ષાએથી કરવું અઘરું હોવાની સાથે શાળામાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું વાતાવરણ બનાવવાનો શું અર્થ? તદઉપરાંત સત્રાંત પરીક્ષામાં ખોટા પ્રકારના ફેરફારો કરવાથી વિદ્યાર્થીઓનું સાચું મૂલ્યાંકન થઈ શકશે નહિનું સ્પષ્ટ પણે લેખિત અરજીમાં જણાવ્યું છે.

મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘે પ્રાથમિક શિક્ષણ નિયામકે કરેલ પરિપત્રનો ઉગ્ર વિરોધ નોંધાવી જણાવ્યું હતું કે સરકારના તમામ પ્રકારની કામગીરી અને કાર્યક્રમો જેવાકે ચૂંટણીલક્ષી કામગીરી બીએલઓ, વસ્તીગણતરી, અન્ય ઉજવણી કાર્યક્રમોમાં શિક્ષકો જે કામ કરે છે તેના પર વિશ્વાસ હોય છે. શિક્ષકોના શિક્ષણ કાર્ય સામે સામે કેમ પ્રશ્નાર્થ ઉભા કરી અવિશ્વાસ દાખવવામાં આવે છે અને તેમની રજુઆત જિલ્લા શિક્ષક સંઘ દ્વારા ગુજરાત રાજ્ય સરકારને કરવામાં આવે અને સત્રાંત પરીક્ષાના પરિપત્રની સમીક્ષા થયા બાદ જરૂરી ફેરફાર કરાવી પરીક્ષા પદ્ધતિ હળવી બને થતા શાળાઓમાં પરીક્ષા સરળતાથી લઈ શકાય તેવી ગોઠવણી કરવાની માંગ કરી હતી.



## એ.એચ.પી. અરવલ્લી અને બજરંગ દળ દ્વારા આવેદનપત્ર

અરવલ્લી જીલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે અયોધ્યા મુકામે શ્રી રામજન્મ ભૂમિ મંદિર નિર્માણ માટે સંસદમાં કાયદો બને તે માટે આમરણ અનશન પર ઉતરેલા તપસ્વી છાવણીના મહંત પરમહંસદાસજી મહારાજને રાત્રે ઉત્તરપ્રદેશ પોલીસે તાનાશાહી કરી આશ્રમનું વીજ કનેક્શન કાપી ટીંગાટોળી કરી ધરપકડ કરવામાં આવતા અને ક્યાં લઈ ગયા છે એ ખબર ન હોવાનું જણાવી ઉત્તરપ્રદેશમાં યોગીની સરકારના રાજમાં શાંતિપૂર્ણ અને લોકશાહી પદ્ધતિથી અનશન પર ઉતર્યા હોય અને સંતો સાથે આ રીતે વહેવાર કરવામાં આવતો હોય તો બાકી હિન્દુ સમાજનું શું થશે ? સાધુ સંતો અને હિન્દુ સમાજનું અપમાન ક્યારેય સાંખી લેવામાં નહિ આવે અને સંતને મુક્ત કરવામાં નહિ આવે તો આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગદળ સંતો માટે આક્રમક રીતે રસ્તા પર ઉતરી જલદ કાર્યક્રમો આપવાની ચીમકી ઉચ્ચારી અધિક નિવાસી કલેક્ટર વલવીને આવેદનપત્ર આપી યોગય ન્યાયની માંગ કરી હતી.

# પાલનપુરમાં વસતા પરપ્રાંતિઓએ પોતાના વતનની વાટ પકડી...

તાજેતરમાં હિંમતનગર તાલુકાના ઢૂંઢર ગામે બનેલી દુષ્કર્મની ઘટનાના પડઘા સમગ્ર ગુજરાતમાં પડ્યા છે. ત્યારે આરોપીને કડકમાં કડક સજા થાય તે માટે ઠેર ઠેર તંત્રને આવેદન પત્ર આપવામાં આવ્યા છે તો બીજી તરફ સમગ્ર ગુજરાતના નાગરિકો દ્વારા શહેરી તેમજ ગ્રામ્ય કક્ષાએ કેન્ડલ માર્ચ યોજી આરોપીને ફાંસીની સજાની માંગ કરી રહ્યા છે. જેમાં ઠેર ઠેર સ્થાનિક નાગરિકો દ્વારા પરપ્રાંતિયો પ્રત્યે નો આક્રોશ જોવા મળી રહયો છે. જેને લઈ પાલનપુર શહેરમાં વસતા પાણીપુરીના વ્યવસાય સાથે સંકળાયેલા પરપ્રાંતિયો દ્વારા ડર ના કારણે પોતાના માદરે વતનની વાટ પકડી છે જેને કારણે રેલવે સ્ટેશન પર પરપ્રાંતિયોની ભીડ જોવા મળી હતી.

# ધાનેરામાં ફાઈનાન્સરોનો રાફડો ગરીબ વર્ગ વ્યાજમાં પાયમાલ

ધાનેરામાં બે વર્ષથી મંદીનો માહોલ છે અને G.S.T. નોટબંધી પાણીનું પુર વરસાદ ની અછત વગેરે પરિસ્થિતિઓ નો સામનો કરતી ધાનેરા ની ગરીબ પ્રજા પોતાનો વ્યવહાર અને પ્રસંગો સાચવી ઈજ્જત સાચવવાં માટે પૈસાની જરૂરિયાત માટે આખરે ફાઈનાન્સરો પાસે જવાનું થાય છે ત્યારે ધાનેરા માં ફાઈનાન્સરો નો રાફડો જોતાં દર મહિને ગરીબો પાસેથી ૧૦થી૩૦ ટકાં જેટલાં વ્યાજ લઈ મોટાપાયે ગરીબો લુટાઈ રયા છે આવાં ફાઈનાન્સરો બિન લિગલ કોઈ પણ જાતનાં પરમીશન મંજુરી વગર કરોડો રૂપિયા ભેગા કરતાં આવાં ફાઈનાન્સરો પર કાનુંની કાર્યવાહી થવી જરૂરી છે તો આવાં બિન કાનુંની કામ કરતાં ફાઈનાન્સરો પર જેતે અધિકારી તપાસ કરી કાનુની પગલાં ભરશે તેવી લોકોની માંગ છે.

# પાવડાસણ ગામે વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ મીડિયાની મહેનત રંગ લાવી

### પાવડાસણ ગામે ૧૬ વર્ષ બાદ બસ સેવા શરુ થતા લોકોમાં ખુશીનો માહોલ : કુમકુમ તિલક કરી વધાવી : એકબીજાના મોં મીઠા કરાવી ખુશી માનવી

થરાદ તાલુકા ના પાવડાસણ ગામે વિદ્યાર્થીઓ ,વાલીઓ તેમજ મીડિયા ની મહેનત રંગ લાવી છે અને પાવડાસણ ગામમાં ૧૬ વર્ષ



બાદ બસ સેવા શરુ થતા લોકો માં ખુબજ ખુશી નો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે વિધાર્થીઓ અને ગામલોકોએ ભેગા મળી બસ ને કુમકુમ તિલક કરી વધાવી હતી અને એકબીજા ના મોં મીઠા કરાવી ખુશી માનવી હતી અને ગામ લોકો તેમજ વિધાર્થીઓ ધ્વરા મીડિયા નો પણ ખુબ ખુબ આભાર માનવામાં આવ્યો હતો.

થરાદ તાલુકા ના પાવડાસણ ગામના ૧૦૦ થી વધુ બાળકો અભ્યાસ માટે ધાનેરા અને થરાદ અપડાઉન કરે છે પરંતુ આ બાળકો ને બસ ની સુવિધા મળતી નહોતી. ત્યારે આ બાબતે પાવડાસણ ગામના દશરથભાઈ ઠાકોર તેમજ ગામલોકો અને વિધાર્થીઓ ભેગા મળી બસ ચાલુ કરાવવા માટે તંત્ર લેખિત અને મૌખિક રજૂઆત કરી હતી પરંતુ તંત્ર ધ્વરા વિદ્યાર્થીઓ તેમજ ગામલોકો ની વાત ન સાંભળતા થોડા દિવસ અગાઉ વિદ્યાર્થીઓ તેમજ ગામલોકો ભેગા મળી ધાનેરા થી થરાદ જતી તમામ બસો પાવડાસણ ગામે રોકી વિરોધ દર્શાવ્યો હતો અને મીડિયા ને જાણ કરી તેમની વાચા સરકાર સુધી પહોંચાડી હતી ત્યારે આજે તંત્ર જાગ્યું હતું અને પાવડાસણ ગામે ૧૬ વર્ષ બાદ બસ ની સેવા શરુ કરતા ગામલોકો માં ખુબજ ખુશી નો માહોલ જોવા મળ્યો હતો અને ગામ લોકો બસ ને કુમકુમ તિલક કરી બસ ને વધાવી હતી અને એક બીજા ના મોં મીઠા કરાવી ખુશી માનવી હતી અને વિદ્યાર્થીઓ તેમજ ગામલોકો મીડિયા નો પણ ખુબખુબ આભાર માન્યો હતો.

# ધનસુરાનો તાલુકા કક્ષાનો કલા ઉત્સવ લાલપુર પ્રાથમિક શાળા ખાતે યોજાયો

ધનસુરા, તા. ૯

ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે ધનસુરા તાલુકાની લાલપુર પ્રાથમિક શાળામાં તાલુકા કક્ષાનો કલા ઉત્સવ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન જશુભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો.

યોજાઈ હતી. જેમાં તાલુકાની શાળાઓના ૭૬ બાળકોએ ભાગ લીધો હતો. બાળકોએ ગાંધીજીના જીવન પર વકતૃત્વ આપ્યું હતું તેમજ ચિત્ર અને કાવ્ય લેખન કર્યું હતું. ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે આ કાર્યક્રમ



સાથે આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. એ.કે. પટેલ (મોઢ પટેલ) પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કલા ઉત્સવમાં વકૃત્વ, ચિત્ર અને કાવ્ય લેખનની સ્પર્ધાઓ યોજાયો હતો. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં શાળાના આચાર્ય ચીમનભાઈ પટેલનું વિશિષ્ટ કામગીરી બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

# ડી.ડી. ઠાકર આર્ટસ અને કે. જે. પટેલ કોમર્સ કોલેજ ખેડબ્રહ્માનું ગૌરવ

ખેડબ્રહ્મા, તા. ૯

હિંમતનગર ખાતે જીલ્લાકક્ષાની ખેલમહાકુંભ સ્પર્ધાઓ યોજાઈ હતી. જે અંતર્ગત વિવિધ એથલેટીક્સની સ્પર્ધાઓ પણ યોજાઈ હતી. જેમાં ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજના બી.એ.ના વિદ્યાર્થી તરાલ ઈશ્વરભાઈ નવજીભાઈ ૩૦૦૦ મીટર દોડમાં અને ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય ક્રમે વિજેતા બની કોલેજનું ગૌરવ વધાર્યું છે.

૨૦૧૮ની ખેલમહાકુંભ સ્પર્ધાઓ અંતર્ગત શુટિંગબોલ સ્પર્ધામાં ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ ખેડબ્રહ્માની ટીમ તાલુકાકક્ષાએ દ્વિતીય ક્રમે વિજેતા રહી હતી. જેમાં કેપ્ટન ડાભી નીલેશકુમાર રમેશભાઈ હતા.



૨૦૧૮ની ખેલમહાકુંભ સ્પર્ધાઓ અંતર્ગત વિવિધ એથલેટીક્સની સ્પર્ધાઓ યોજાઈ હતી જેમાં તરાલ ઈશ્વરભાઈ નવજીભાઈ ૩૦૦૦ મીટર દોડમાં અને ૪૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમે વિજેતા થયા હતા. આ સાથે તેઓ ચક્રફેંકમાં દ્વિતીય સ્થાને વિજેતા રહ્યા હતા. આ ઉપરાંત બીજા આઠ સ્પર્ધકો વિવિધ એથલેટીક્સની સ્પર્ધાઓમાં દ્વિતીય, તૃતીય સ્થાને વિજેતા રહ્યા હતા.



૨૦૧૮ની ખેલમહાકુંભ સ્પર્ધાઓ અંતર્ગત બહેનો માટે કબડ્ડીની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ ખેડબ્રહ્માની બહેનોની કબડ્ડીની ટીમ તાલુકાકક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા રહી હતી. જેમાં કેપ્ટન તેજોત સુરજબેન શાંતિદાસ હતા. આચાર્ય એન.ડી. પટેલના માર્ગદનથી અંગ્રેજી વિભાગના પ્રાધ્યાપક જીગરભાઈ ખરાડીએ કોચની ભૂમિકા ભજવી હતી. કોલેજના સમગ્ર સ્ટાફે વિજેતા ખેલાડી બહેનોને અને જીગરભાઈને અભિનંદન પાઠવ્યા હતા.

# પાલનપુર નજીક રિક્ષાચાલક દ્વારા યુવતીના અપહરણનો પ્રયાસ

પાલનપુરથી પોતાના ઘરે કાણોદર જઈ રહેલી એક યુવતીનું સપ્તાહ અગાઉ રિક્ષા ચાલક દ્વારા અપહરણ કરવાનો પ્રયાસ થયો હતો. જોકે, તેણીએ પ્રતિકાર કરતાં રિક્ષા ચાલક યુવતીનો મોબાઈલ ફોન અને પર્સ લૂંટીને નાસી ગયો હતો. આ અંગે તેણીએ પશ્ચિમ પોલીસ મથકે જાણવા જોગ અરજી કરી છે. પાલનપુરનજીક બનેલી ચકચારી ઘટનાની વિગતો એવી છે કે, કાણોદરની એક યુવતી પાલનપુર ખાતે નોકરી કરે છે. તે સપ્તાહ અગાઉ તેના ઘરે જવા માટે એરોમા સર્કલ નજીક ઉભી હતી. ત્યારે એક રિક્ષા ચાલક ત્યાં આવી કાણોદર જવાનું કહેતા તેણી અંદર બેસી હતી. જોકે, માર્ગમાં રિક્ષા ચાલકે તેણીનું નામ, સરનામું પુછી રિક્ષામાં ટેપનો મોટેથી અવાજ કરી અપહરણનો પ્રયાસ કર્યો હતો. અને મોબાઈલ તેમજ પર્સની લૂંટ કરી હતી. દરમિયાન યુવતીએ બુમાબુમ કરતાં એક બાઈક ચાલક મદદમાં આવ્યો હતો. આથી રિક્ષા ચાલકે અચાનક કટ મારતાં રિક્ષા પલટી ગઈ હતી. જેમાં યુવતીને વધતી ઓછી ઈજાઓ થવા પામી હતી.

# મેઘરજમાં પરપ્રાંતિય વિરુદ્ધ વિડીયો વાયરલ કરનાર ત્રણ સામે ગુનો દાખલ

મેઘરજ, તા. ૯

સમગ્ર ગુજરાતમાં ઢુંઢર દુષ્કર્મ મામલાને લઈ ભારે તંગદીલી છવાયેલી જોવા મળે છે. ત્યારે મેઘરજમાં પણ કેટલાક ઈસમોએ બિહાર અને યુપીના કદવાઓ વિરૂધ્ધ ઉશ્કેરણીજનક વીડીયો વાયરલ કરતા મેઘરજ પોલીસે ત્રણ ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધતા વીડીયો વાયરલ કરનાર અન્ય ઈસમોમાં ભયનો માહોલ ફેલાયો છે.

સમગ્ર ગુજરાતમાં હાલ હિંમતનગરના ઢુંઢર ગામે બનેલ રેપની ઘટના અનુસંધાને ઠાકોર સેનાના માણસો ધ્વારા પરપ્રાંતિય માણસોને ધાકધમકીઓ આપી અગુજરાત છોડી જવા મજબુર કરતા હોય જે અનુસંધાને મેઘરજ પોલીસ સ્ટેશનના પીએસાઈ અને પોલીસકર્મીઓ સોમવારે પેટ્રોલીંગમાં હતા તે અરસામાં બાતમી મળી હતી કે મેઘરજના હબીબ કુશ્કીવાલા રહે. મેઘરજ ઘાંચીવાડા જુમ્મા મસ્જિદ પાછળનાઓ પોતાના મોબાઈલ પરથી ઢુંઢર ગામે બનેલ રેપની ઘટના અનુસંધાને ઉશ્કેરણીજનક



વીડીયો વાયરલ કરેલ છે. જે અનુસંધાને તેના ઘરે તપાસ કરતા સદરી ઈસમ ઘરે હાજર મળી આવતા તેની અટકાયત કરી વીડીયો બાબતે પુછપરછ કરી હતી અને તે વીડીયો નેશનલગ્રૃપ અને દીલવાલે યારોકા ગ્રૃપમાંથી આવેલ હોવાનુ અને ફેસબુક ઉપર અપલોડ કર્યો હોવાનુ કબુલ્યુ હતુ અને ત્યાંથી વીડીયો બનાવનાર આરતીદે પાવૈયા રહે. ઈન્દીરાનગર મેઘરજના ઘરે જઈ તપાસ કરતા તમામ કદવાઓને ગુજરાતમાંથી બહાર કાઢો જેવો વીડીયો પાંચેક દીવસ અગાઉ બનાવેલ હોવાનુ કબુલ્યુ હતુ અને આ વીડિયો મેઘરજના સફરાજભાઈએ કાઠયાવાડી ગ્રૃપમાં મોકલેલ હોવાનુ કબુલ્યુ હતુ. જેથી મેઘરજ પોલીસે સમાજમાં વર્ગ વિગ્રહ તેમજ પ્રાંતવાદ અને સમાજમાં શાંતિ હણાય તેવો ઉશ્કેરણીજનક વિડીયો બનાવી વાયરલ કરનાર ત્રણ ઈસમો હબીબ કુશ્કીલાવલા, કોમલદે આરતીદે પાવૈયા તથા સફરાજભાઈ તમામ રહે મેઘરજની અટકાયત કરી ત્રણેય ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

## ટીંટોઈ ગામનું ગૌરવ

ડૉ. નેહલ નારાયણભાઈ રાઠોડ (વેટરનરી ઑફિસ મોટી ઈસરોલ)ચેસ સ્પર્ધામાં જિલ્લા



મહાકુંભ ખેલ મહોત્સવમાં જિલ્લા દ્વિતીય ક્રમે આવતા ૩૦૦૦ રૂ.નું ઈનામ અને રાજ્યકક્ષાએ રમવાની તક મળેલ છે. તેણે ટીંટોઈ ગામનું ગૌરવ વધાર્યું છે.

## શ્રી વિશાનીમા યુવક મંડળ, મોડાસા દ્વારા ઈનામ વિતરણ સમારોહ

શ્રી વિસાનીમા યુવક મંડળ દ્વારા ઈનામ વિતરણનો ખૂબજ સુંદર કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમ બાળકો તથા ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે રાખેલ હતો. અને તેમને સન્માનીત કરવામાં આવેલ હતા. બાળકો આવતીકાલનું ભવિષ્ય છે. આ મુદ્દા હેઠળ આ તેજસ્વી તારલાઓને આગામી વર્ષોમાં આવી જ રીતે ખંતથી આગળ વધવા પ્રેરીત કર્યા હતા. આ કાર્યક્રમમાં વિશાનીમા જ્ઞાતિ પંચ દ્વારા પણ ઈનામ આપવામાં આવ્યા હતા.

## નવરાત પર્વ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વસ્ત્રો અને શણગાર સજેલા જોવા મળશે. અભય પદ આપતી અંબાની આરાધનાના અવસરથી નગરમાં દિવ્ય ઉજાસ પથરાશે.

નવરાત્રિના પવિત્ર પર્વમાં શકિતની ભકિતનો વિશેષ મહીમા ગવાય છે. માતાજીની ભક્તિ આરાધનાના આ પર્વને અનુલક્ષી નગરજનોમાં વિશેષ ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ છે. સેકટરોમાં શેરીઓ વળાવી માતાજીના હેતે ઓવારણા લેવા માટે ભાવિકો ઉત્સુક બન્યા છે. ગરબા મહોત્સવ ગાંધીનગરની આગવી ઓળખ છે. ત્યારે નગરના સેકટરોમાં દાયકાઓથી યાજાતા શેરી ગરબાની રમઝટમાં પણ માં દુર્ગાની વિશેષ આરાધના અને પુજા અર્ચનાથી ભાવિકો ભકિતરસમાં તરબોળ થાય છે. સેકટરોમાં શેરીએ શેરીએ માતાજીની પધરામણી કરીને ભાવિકો ગરબે ઘુમશે શહેરના સે-૪, સે-૨૨ સે-૩ , સે-૭ સે-૨૬ , સે-૧૭ સે-૨૪ સહીતના વિસ્તારમાં મોટાપાયે શેરીગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે.રાત્રિના સમયે આરતી અને આઠમની મહાઆરતી અને હવન સાથે નગરમાંથી નકારાત્મક શક્તિઓ પણ ક્ષીણ થશે. પાવનકારી નવરાત દરમિયાન શહેરમાં સંસ્થાકીય ગરબા મહોત્સવનુ પણ ભવ્ય આયોજન કરવામાં આવે છે. ગાંધીનગરના ગરબા મહોત્સવની રાજયના અન્ય શહેરોમાં પણ વિશેષ બોલબાલા છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સતત ૨૪ માં વર્ષે ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગબ્બરના થીમ પર ગરબા મેદાન તૈયાર કરવામાં આવ્યુ છે. અરવલ્લીની ગિરીમાળા સાથે ખૈલૈયાઓને ગરબે ઘુમવા માટે ગબ્બર ચોક તૈયાર કરાયો છે. આસોની અજવાળી રાતમાં માતાજીના પવિત્ર ગરબા અને સુર તાલની સંગાથે ગરબા મેદાનમાં પ્રજવલિત અંબાજી નિજમંદિરથી પ્રગટાવેલી જયોતના અજવાળે ગરબાની રંગત જામશે. લાયન્સ કલબ દ્વારા પણ ચ-૩ મેદાન ખાતે ગરબા મહોત્સવનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે.

## મૂલ્યાંકન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સત્રાંત મૂલ્યાંકન પણ બાહ્ય મૂલ્યાંકનકારો દ્વારા જ કરાવવાનું રહેશે તેવી પણ સ્પષ્ટ સૂચના આ પરિપત્રમાં આપવામાં આવી છે.

ધો. ૬ થી ૮ની ઉત્તરવહીઓ પરીક્ષણ પૂર્ણ થયા બાદ મોડામાં મોડા બીજા દિવસે જે તે મૂલ્યાંકનકારને પહોંચતી કરવાની રહેશે એટલુ જ નહિ મૂલ્યાંકનકારે પણ ત્રણ દિવસમાં જ તેનું મૂલ્યાંકન કરી જે તે શાળાના મુખ્ય શિક્ષકને સોંપવાની રહેશે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પરીક્ષાઓના આયોજન તેમજ તેની અનુસંગિક બાબતોને લઈ તા. ૧૦મીએ પ્રા.શિ. અધિકારીઓની ખાસ બેઠક પણ શિક્ષણ નિયામકે બોલાવી છે.

## રાજકીય રમઝટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતમાં ઉત્તર ભારતીયો ઉપર હુમલા કરાવ્યા છે. હુમલાના આરોપમાં રાજ્યમાં ૩૦થી વધુ નેતાઓની ધરપકડ કરવામાં આવીચુકી છે. રાહુલ અને અલ્પેશના કહેવા ઉપર કોંગ્રેસી કાર્યકરો હિંસા ઉપર ઉતરી આવ્યા છે. જો કે, રાજ્ય સરકારના પ્રયાસોના લીધે તેમના ઈરાદા ઉપર પાણી ફરી વળ્યું છે. પાછળથી હિંસા ભડકાવવાનું કામ કોંગ્રેસનું રહેલું છે. આ તમામની પાછળ રાહુલને લોંચ કરવાનો રહેલો છે. ગુજરાતમાં ઉત્તર ભારતીયો ઉપર થઈ રહેલા હુમલાના મામલામાં અલ્પેશ ઠાકોરનું નામ સપાટી ઉપર આવી રહ્યું છે જે કોંગ્રેસના ધારાસભ્ય છે. ઉત્તર ભારતીય અને ખાસ કરીને ઉત્તરપ્રદેશ અને બિહારથી આવેલા લોકોના વિરોધની શરૂઆત અલ્પેશ દ્વારા જ કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીના બિહાર પ્રભારી પણ અલ્પેશ ઠાકોર છે. સ્થિતિ નિયંત્રણની બહાર હોવાના કારણે અલ્પેશની રણનીતિ બેકફાયર થઈ ગઈ છે. હવે તેમની પાર્ટીને શરમજનક સ્થિમિાં મુકાઈ જવાની ફરજ પડી છે. અલ્પેશે કહ્યું હતું કે, સરકાર લોકોની સુરક્ષા કરવામાં નિષ્ફળ ગઈ છે અને તેમને બદનામ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. ગુજરાતમાં ઉત્તર ભારતીયો ઉપર હુમલાને લઈને જોરદાર હોબાળો મચી ગયો છે.

## રાજીનામુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેલમાં જશે. ૧૧મી ઓક્ટોબરના દિવસે સદ્ભાવના ઉપવાસ પર જવાની વાત પણ અલ્પેશે કરી છે. નફરત ફેલાવતો એક વિડિયો વાયરલ થયા બાદ અલ્પેશ વિવાદના ઘેરામાં આવી ગયા છે. બાળકી ઉપર રેપ બાદ ઉત્તરપ્રદેશ અને બિહારના મજુરોને પલાયન માટે ફરજ પાડવામાં આવી રહી છે. અલ્પેશ અને તેની ઠાકોર સેના ઉપર આક્ષેપ થઈ રહ્યા છે. જો કે, અલ્પેશે કહ્યું છે કે, સરકાર લોકોની સુરક્ષા કરવામાં નિષ્ફળ ગઈ છે અને તેમને બદનામ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. આ પ્રકારની રાજનીતિ થશે તો તેઓ રાજીનામુ આપી દેશે. પુત્રની બિમારીનો ઉલ્લેખ કરતા અલ્પેશ ભાવનાશીલ બની ગયા હતા. અલ્પેશે કહ્યું હતું કે, ગુજરાતમાં માત્ર એક જ જગ્યાએ હિંસા થઈ છે જેની તેઓ નિંદા કરે છે. અલ્પેશે કહ્યું હતું કે, તેમના પુત્રની હાલત ગંભીર છે. પુત્ર માટે તે તમામ બાબત ખોલવા માટે તૈયાર છે. પુત્રની તરફ જુએ છે ત્યારે બીજાની ચિંતા પણ દેખાય છે. અલ્પેશે કહ્યું છે કે, ગુજરાતમાં કોઈપણ જગ્યાએ હિંસા થઈ નથી. કોઈને પણ ધમકી આપવામાં આવી નથી. અલ્પેશે એમ પણ કહ્યું હતું કે, જો આ રીતે થતું રહેશે તો તે રાજીનામુ આપી દેશે. આવા વિધાયક તરીકે રહેવા તે ઈચ્છુક નથી. અલ્પેશનું કહેવું છે કે તે બિહાર જતો રહેશે અને ત્યાંથી જ લડશે. અલ્પેશે એમ પણ કહ્યું હતું કે, તે બિહારના વેપારી છે જેથી તેમની સાથે આવું થઈ રહ્યું છે. બદનામ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. ગુજરાત સરકાર અહીં નિષ્ફળ છે પરંતુ ઠાકોર સમાજને લોકોની સુરક્ષા કરવી પડશે. ગરીબ લોકો સાથે રાજનીતિ રમવામાં આવી રહી છે. રાહુલ ઉપર વિશ્વાસ હોવાની વાત પણ અલ્પેશે કરી હતી. પુત્રની તબિયત અંગે માહિતી મેળવી છે. રાહુલ માનવીય ગુણોથી ભરેલા છે.

## ગગડ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોટર્સના શેરમાં સાત વર્ષની નીચી સપાટી રહી હતી. તેના શેરમાં ૧૯.૮ ટકાનો ઘટાડો રહ્યો હતો. એશિયન શેરબજારમાં આજે ૧૭ મહિનાની નીચી સપાટી જોવા મળી હતી. અત્રે નોંધનીય છે કે, શેરબજાર શુક્રવારના દિવસે ફરી એકવાર હચમચી ઉઠ્યું હતું. સતત ત્રીજા દિવસે ઘટાડાનો દોર જારી રહ્યો હતો. શુક્રવારના દિવસે પણ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ બજારમાં હાહાકાર મચાવ્યો હતો. મુંબઈ સ્ટોક એક્સચેંજના ૩૦ શેર સેંસેક્સમાં ૭૯૨ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. આની સાથે જ સેંસેક્સ ૨.૨૫ ટકા અથવા તો ૭૯૨ પોઈન્ટ ઘટીને ૩૪૩૭૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજમાં નિફ્ટી ૨૮૩ પોઈન્ટ ઘટીને અથવા તો ૨.૬૭ ટકા ઘટીને ૧૦૩૧૬ની સપાટીએ રહ્યો હતો. શેરબજાર શુક્રવારે સતત ત્રીજા દિવસે પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા કારોબારીઓ હચમચી ઉઠ્યા હતા. દલાલ સ્ટ્રીટ જુદા જુદા પરિબળોના કારણે હચમચી ઉઠતા કોર્પોરેટ જગતમાં પણ તેની ચર્ચા જોવા મળી હતી. છેલ્લા ગુરૂવારના દિવસે સેંસેક્સમાં ૮૦૬ પોઈન્ટનો રેકોર્ડ કડાકો બોલી ગયો હતો. જેથી તેની સપાટી ૩૫૧૬૯ રહી હતી. નિફ્ટી ૨૫૯ પોઈન્ટ ઘટીને ૧૦૫૯૯ની નીચી સપાટી પર રહ્યો હતો. શેરબજારમાં બુધવાર અને ગુરુવારના દિવસે મળીને બે દિવસના ગાળામાં ૧૩૫૭ પોઈન્ટનો ઉલ્લેખનીય ઘટાડો થયો હતો. શુક્રવારે તેમાં વધુ ૭૯૨ પોઈન્ટનો ઘટાડો થયો હતો. બુધવારથી લઈ શુક્રવાર સુધીના ગાળામાં એટલે કે ત્રણ દિવસમાં જ છેલ્લા સપ્તાહમાં સેંસેક્સમાં ૨૧૪૯ પોઈન્ટનો ઘટાડો થયો હતો. દેશના ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ડેટા (આઈઆઈપી)ના આંકડા જે ઓગસ્ટ મહિના માટેના છે તે શુક્રવારના દિવસે જારી કરવામાં આવનાર છે. ઓગસ્ટ મહિના માટેના આઈઆઈપીના ડેટા અને સપ્ટેમ્બર મહિના માટેના રિટેલ ફુગાવા (સીપીઆઈ)ના આંકડા શુક્રવારે જારી થશે. જુલાઈ મહિનામાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનનો આંકડો ૬.૬ ટકાનો રહ્યો હતો. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં દેખાવ શાનદાર રહ્યો હતો. કેટલાક નિષ્ણાતો માને છે કે, ઓગસ્ટ મહિનામાં પણ આઈઆઈપીના આંકડા યથાવત રહેશે જ્યારે રિટેલ ફુગાવો ઓગસ્ટ મહિનામાં સીપીઆઈ ફુગાવો ૩.૬૯ ટકા રહ્યો હતો જે ૧૦ મહિનાની નીચી સપાટી છે.